શ્રુતિ ફોન્ટના ફરજિયાત ઉપયોગ બાબત.

ગુજરાત સરકાર

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

પરિપત્ર ક્રમાંક: સકલ/૧૨૨૦૧૯/૬૧૧૧૯/ઇ

તારીખ :૨૩/૧૧/૨૦૨૧

વંચાણે લીધાં:

૧. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૨૫/૦૯/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક:જીયુજે/૨૦૦૬/૧૧૭૯/આઇટી.

૨. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૨૨/૦૮/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક: જીયુજે/૨૦૦૬/૧૧૭૯/આઇટી.

૩. ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા. ૦૩/૦૭/૨૦૨૧નો ઠરાવક્રમાંક : મદણ/૧૧૨૦૨૦/૬૭૨/ડી-૨

પરિપત્ર :-

રાજય સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨) ના ઠરાવથી રાજ્ય સરકારના વિવિધ વિભાગો તથા તેમના હસ્તકની તમામ કચેરીઓમાં કોમ્પ્યુટરમાં ગુજરાતી ભાષામાં કરવામાં આવતી કામગીરીમાં એકસૂત્રતા આવે અને યુનીકોડ સ્ટાન્ડર્ડનું ગુજરાતી ભાષામાં સૉફ્ટવેર ઉપયોગમાં લેવામાં આવે તે માટે માઇક્રો સૉફ્ટ કંપનીના ગુજરાતી ફોન્ટ સહિતનું સૉફ્ટવેર " MS OFFICE-2003 INDIC" અને તેની અદ્યતન આવૃતિ "MS OFFICE-2007 INDIC" ને કોમન ગુજરાતી ભાષાના સૉફ્ટવેર તરીકે જાહેર કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ કમ:૩ પરના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ સાથે સામેલ એનેક્ષર-૧ અને ૨ મુજબ પણ ગુજરાતીમાં ગેઝેટને ઇ-પબ્લીશ કરવા માટે સદર ડોક્યુમેંટની સોફ્ટ કોપી અને હાર્ડકોપી શ્રુતિ ફોન્ટમાં જ પ્રેસને પૂરી પાડવાની સૂચનાઓ આપવામાં આવેલ છે.

વિભાગના ધ્યાન ઉપર આવેલ છે કે, વિભાગ અને તેના હસ્તકની તમામ કચેરીઓ/પેટા કચેરીઓ વચ્ચે ગુજરાતી ભાષામાં થતાં માહિતીના આદાન પ્રદાનમાં શ્રુતિ ફોન્ટ સિવાયના જુદા જુદા ફોન્ટનો ઉપયોગ કરવામાં આવે છે. વધુમાં પી.બી.એમ કેસોમાં પણ કલેકટર કચેરી દ્વારા અત્રેના વિભાગને પૂરી પાડવામાં આવતી માહિતી અન્ય ગુજરાતી ફોંટ માં આપવામાં આવે છે. પરિણામે માહિતીનું સંકલન કરી આખરીકરણ કરવામાં મુશ્કેલી પડે છે. મોટાભાગની માહિતી

સૉફ્ટકોપીમાં ઉપલબ્ધ હોવા છતાં બિનઉપયોગી પુરવાર થાય છે અને માહિતી પુન: ટાઇપ કરાવવી પડે છે. આમ, કામગીરી બેવડાવવાના કારણે ઘણાં માનવકલાકો (માનવશક્તિ )નો વ્યય થાય છે અને સમય- મર્યાદામાં માહિતીનું આદાનપ્રદાન થઇ શકતુ નથી.

ઉક્ત ઠરાવના આધારે અત્રેના વિભાગ અને તેના હસ્તકની તમામ ખાતાઓના વડાઓ /કચેરીઓ/ પેટા કચેરીઓ / કોર્પોરેશન માં ગુજરાતી ભાષામાં કરવામાં આવતી તમામ કામગીરી અને માહિતીના આદાનપ્રદાન માટે શ્રુતિ ફોન્ટનો જ ઉપયોગ કરવા આથી સૂચના આપવામાં આવે છે. આ સૂચનાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. વધુમાં અંગ્રેજી તથા હિન્દીમાં માહિતીના આદાન-પ્રદાન માટે પણ વંચાણે લીધાં કમ:૩ પરના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવના એનેક્ષર-૧ અને ૨ મુજબ દર્શિત સૂચનાઓનું તમામએ પાલન કરવાનું રહેશે.

કોઇપણ કચેરી ગુજરાતી ભાષાની માહિતીના આદાન પ્રદાન માટે શ્રુતિ ફોન્ટ સિવાયના અન્ય ફોન્ટનો ઉપયોગ કરશે તો માહિતીનો અસ્વીકાર કરી શકાશે અને માહિતી સમય મર્યાદામાં પૂરી ન પાડવા માટે શ્રુતિ ફોન્ટ સિવાયના અન્ય ફોન્ટનો ઉપયોગ કરનાર જે તે ખાતાના/ કચેરીના વડા/ જવાબદાર ગણાશે.

ગુજરાતનાં રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પંકજ પંચાલ)
નાયબ સચિવ,
અન્ન, નાગરિક પુરવઠા અને
ગ્રાહકોની બાબતોનો વિભાગ

---

પ્રતિ,

(૧) સર્વે નાયબ સચિવશ્રી, ઉપસચિવશ્રી તથા સર્વે સેક્શન અધિકારીશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) તમામ ખાતાના વડાઓ

(૩) તમામ જીલ્લા કલેક્ટરશ્રી.

(૪) તમામ જીલ્લા પુરવઠા અધિકારીશ્રી.

(૫) સિસ્ટમ મેનેજરશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) સિલેક્ટ ફાઇલ

## <u>શ્રુતિ ફોન્ટના ફરજિયાત ઉપયોગ બાબત</u>

ગુજરાત સરકાર

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

પરિપત્ર ક્રમાંકઃ- પરચ/૧૦૨૦૧૬/૩૧૭૧૬/જ

તારીખ :૦૬/૦૯/૨૦૧૬

<u>વંચાણમાં લીધા:-</u>

૧. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૨૫/૦૯/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંકઃ-જીયુજે/૨૦૦૬/૧૧૭૯/આઈટી

૨. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૨૨/૦૮/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંકઃ-જીયુજે/ ૨૦૦૬/૧૧૭૯/આઈટી

<u>પરિપત્ર</u> :-

રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રૌધિગિકી વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨) ના ઠરાવથી રાજ્ય સરકારના વિવિધ વિભાગો તથા તેમના હસ્તકની તમામ કચેરીઓમાં કોમ્પ્યુટરમાં ગુજરાતી ભાષામાં કરવામાં આવતી કામગીરીમાં એકસૂત્રતા આવે અને યુનીકોડ સ્ટાન્ડર્ડનું ગુજરાતી ભાષાનું સોફ્ટવેર ઉપયોગમાં લેવામાં આવે તે માટે માઇક્રો સોફ્ટ કંપનીના ગુજરાતી ફોન્ટ સહિતનું સોફ્ટવેર " MS OFFICE – 2003 INDIC " અને તેની અદ્યતન આવૃતિ " MS OFFICE – 2007 INDIC " ને કોમન ગુજરાતી ભાષાના સોફ્ટવેર તરીકે જાહેર કરવામાં આવેલ છે.

વિભાગના ધ્યાન ઉપર આવેલ છે કે , વિભાગ અને તેના હસ્તકની તમામ કચેરીઓ/ પેટા કચેરીઓ વચ્ચે ગુજરાતી ભાષામાં થતા માહિતીના આદાન પ્રદાનમાં શ્રુતિ ફોન્ટ સિવાયના જુદા જુદા ફોન્ટનો ઉપયોગ કરવામાં આવે છે. પરિણામે માહિતીનું સંકલન કરી આખરીકરણ કરવામાં મુશ્કેલી પડે છે. મોટાભાગની માહિતી સોફ્ટકોપીમાં ઉપલબ્ધ હોવા છતાં બિનઉપયોગી પુરવાર થાય છે અને માહિતી પુનઃટાઈપ કરવી પડે છે. આમ કામગીરી બેવડાવવાના કારણે ઘણાં માનવકલાકો(માનવ શક્તિ)નો વ્યય થાય છે અને સમય-મર્યાદામાં માહિતીનું આદાનપ્રદાન થઈ શકતુ નથી.

ઉક્ત ઠરાવના આધારે ઉધોગ અને ખાણ વિભાગ અને તેના હસ્તકની તમામ કચેરીઓ / પેટાકચેરીઓ / બોર્ડ / કોર્પોરેશન / યુનિવર્સિટીઓમાં ગુજરાતી ભાષામાં કરવામાં આવતી તમામ કામગીરી અને માહિતીના આદાનપ્રદાન માટે શ્રુતિ ફોન્ટનો જ ઉપયોગ કરવા આથી સૂચના આપવામાં આવે છે. આ સૂચનાનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

કોઇપણ કચેરી ગુજરાતી ભાષાની માહિતીના આદાન પ્રદાન માટે શ્રુતિ ફોન્ટ સિવાયના અન્ય ફોન્ટનો ઉપયોગ કરશે તો માહિતીનો અસ્વીકાર કરી શકાશે અને માહિતી સમય-મર્યાદામાં

(P.T.O)

પૂરી ન પાડવા માટે શ્રુતિ ફોન્ટ સિવાયના અન્ય ફોન્ટનો ઉપયોગ કરનાર જે તે ખાતાના/કચેરીના વડા /જવાબદાર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે.

(કે.એસ.પ્રજાપતિ)
સંયુકત સચિવ,
ઉધોગ અને ખાણ વિભાગ

નકલ રવાના જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે.

- માન.મુખ્યમંત્રીશ્રી (ઉધોગ, ખાણ ખનિજ)ના અંગત સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, પ્રવાસનના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, નાગરિક ઉડ્ડયન અને મીઠા ઉધોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, યાત્રધામ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, કુટિર ઉધોગ, છાપકામ અને લેખન સામગ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, (સ્વતંત્ર હવાલો) દેવસ્થાનના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, નાગરિક ઉડ્ડયન, મીઠા ઉધોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, યાત્રાધામ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, ઉધોગ, ખાણ ખનિજના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ઉ.ખા.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાધીનગર.
- અગ્ર સચિવશ્રી (પ્રવાસન)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાધીનગર.
- અગ્ર સચિવશ્રી (કુ.ઉ.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાધીનગર.
- વિભાગના સર્વે સંયુકત સચિવશ્રી / નાયબ સચિવશ્રી / ઉપસચિવશ્રી / સર્વે શાખાઓ
- સર્વે ખાતાનાવડા /બોર્ડ / નિગમ / સંસ્થાઓ(ઉધોગ અને ખાણ વિભાગ હસ્તકના)
- સિલેકટ ફાઇલ.

## <u>શ્રુતિ ફોન્ટના ફરજિયાત ઉપયોગ બાબત</u>

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

પરિપત્ર ક્રમાંકઃ- સકલ/૪૦૨૦૧૫/૭૪૭/પી

તારીખ :૦૫/૦૮/૨૦૧૫

<u>વંચાણમાં લીધા</u>:-

૧. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૨૫/૦૯/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંકઃ-જીયુજે/૨૦૦૬/૧૧૭૯/ આઈટી

૨. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૨૨/૦૮/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંકઃ-જીયુજે/ ૨૦૦૬/૧૧૭૯/ આઈટી

<u>પરિપત્ર</u> :-

રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રૌધિગિકી વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨) ના ઠરાવથી રાજ્ય સરકારના વિવિધ વિભાગો તથા તેમના હસ્તકની તમામ કચેરીઓમાં કોમ્પ્યુટરમાં ગુજરાતી ભાષામાં કરવામાં આવતી કામગીરીમાં એકસૂત્રતા આવે અને યુનીકોડ સ્ટાન્ડર્ડનું ગુજરાતી ભાષાનું સોફ્ટવેર ઉપયોગમાં લેવામાં આવે તે માટે માઇક્રો સોફ્ટ કંપનીના ગુજરાતી ફોન્ટ સહિતનું સોફ્ટવેર " **MS OFFICE – 2003 INDIC** " અને તેની અદ્યતન આવૃતિ " **MS OFFICE – 2007 INDIC** " ને કોમન ગુજરાતી ભાષાના સોફ્ટવેર તરીકે જાહેર કરવામાં આવેલ છે.

વિભાગના ધ્યાન ઉપર આવેલ છે કે , વિભાગ અને તેના હસ્તકની તમામ કચેરીઓ/ પેટા કચેરીઓ વચ્ચે ગુજરાતી ભાષામાં થતા માહિતીના આદાન પ્રદાનમાં શ્રુતિ ફોન્ટ સિવાયના જુદા જુદા ફોન્ટનો ઉપયોગ કરવામાં આવે છે. પરિણામે માહિતીનું સંકલન કરી આખરીકરણ કરવામાં મુશ્કેલી પડે છે. મોટાભાગની માહિતી સોફ્ટકોપીમાં ઉપલબ્ધ હોવા છતાં બિનઉપયોગી પુરવાર થાય છે અને માહિતી પુનઃટાઈપ કરવી પડે છે. આમ કામગીરી બેવડાવવાના કારણે ઘણાં માનવકલાકો(માનવ શક્તિ)નો વ્યય થાય છે અને સમય-મર્યાદામાં માહિતીનું આદાનપ્રદાન થઈ શકતુ નથી.

ઉક્ત ઠરાવના આધારે ગૃહ વિભાગ અને તેના હસ્તકની તમામ કચેરીઓ / પેટાકચેરીઓ / બોર્ડ / કોર્પોરેશન / યુનિવર્સિટીઓમાં ગુજરાતી ભાષામાં કરવામાં આવતી તમામ કામગીરી અને માહિતીના આદાનપ્રદાન માટે શ્રુતિ ફોન્ટનો જ ઉપયોગ કરવા આથી સૂચના આપવામાં આવે છે. આ સૂચનાનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

કોઇપણ કચેરી ગુજરાતી ભાષાની માહિતીના આદાન પ્રદાન માટે શ્રુતિ ફોન્ટ સિવાયના અન્ય ફોન્ટનો ઉપયોગ કરશે તો માહિતીનો અસ્વીકાર કરી શકાશે અને માહિતી સમય-મર્યાદામાં

પૂરી ન પાડવા માટે શ્રુતિ ફોન્ટ સિવાયના અન્ય ફોન્ટનો ઉપયોગ કરનાર જે તે ખાતાના/કચેરીના વડા /જવાબદાર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે.

(દિલીપ.જી.સોની)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ

<u>નકલ રવાના જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે</u>:-

- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ),ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સર્વે ઉપ સચિવશ્રી/સેકશન અધિકારીશ્રી,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ(બોર્ડ/નિગમ અને યુનિવર્સિટી સહિત).
- સિલેક્ટ ફાઈલ.

<u>નકલ જાણ અર્થે</u>:-

- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી (ગૃહ), ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

MS office 2007 Indic વર્ઝનને
ગુજરાતી ભાષાના કોમન સોફટવેર
તરીકે જાહેર કરવા અંગે.

ગુજરાત સરકાર
ક્રમાંક : જીયુજે-૨૦૦૬-૧૧૭૯/આઇટી.
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૨૨/૮/૨૦૦૮.

વંચાણમાં લીધાઃ-

(૧) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૫/૯/૨૦૦૭ નો ઠરાવ.
(૨) ગુજરાત ઇન્ફોર્મેટીકસ લિ. ગાંધીનગરનો તા.૧૬/૪/૨૦૦૮ નો પત્ર ક્રમાંકઃ GIL/GenSW/SW/11125.

સુધારોઃ-

વંચાણમાં લીધેલ ક્રમાંકઃ (૧) આગળના ઠરાવથી ઇ-ગવર્નન્સ ક્ષેત્રે ઇન્ફોર્મેશન ટેકનોલોજી નીતિના અમલીકરણ સંબંધમાં રાજયના વિવિધ વિભાગો/ કચેરીઓની ઇ-ગવર્નન્સ ક્ષેત્રે ગુજરાતી ભાષામાં થતી કામગીરીમાં એકસૂત્રતા આવે અને યુનિકોડ સ્ટાર્ડન્ડનું ગુજરાતી ભાષાનું સોફટવેર ઉપયોગમાં લેવામાં આવે તે માટે રાજય સરકારની તમામ કચેરીઓમાં માઇક્રોસોફટ કંપનીના ગુજરાતી ફોન્ટ સહીતનું સોફટવેર " MS Office 2003 Indic " રાજયના કોમન ગુજરાતી ભાષાના સોફટવેર તરીકે જાહેર કરવામાં આવેલ છે.

૨. વંચાણમાં લીધેલ ક્રમાંકઃ (૨) આગળના પત્રથી ગુજરાત ઇન્ફોર્મેટીકસ લિ. (જીઆઇએલ) ધ્વારા જણાવ્યા મુજબ માઇક્રોસોફટ કંપનીને MS Office 2003 Indic નું સુધારેલ વર્ઝન MS Office 2007 Indic બહાર પાડેલ છે અને MS Office 2003 નું લાયસન્સ સોફટવેટર આપવાનું બંધ કરેલ છે. જીઆઇએલના તા.૧૨/૮/૨૦૦૮ ના પત્ર મુજબ માઇક્રોસોફટના વેન્ડર ધ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે, MS Office 2007 Indic સોફટવેટરમાં Save કરવામાં આવતી ફાઇલો આપોઆપ (automatically) એવી રીતે Save થશે કે, MS Office 2003 Indic સોફટવેર ધરાવતા યુઝર્સ પણ આવી ફાઇલો ખોલીને તેમાં જરુરી ફેરફારો કરી શકશે. આમ MS Office 2003 Indic અને MS Office 2007 Indic ધરાવતા કોમ્પ્યુટર મશીનો પરસ્પર માહિતીની બેરોકટોક આપ-લે કરી શકશે. ઉપરોકત વિગતો ધ્યાને લેતાં MS Office 2003 Indic ઉપરાંત MS Office 2007 Indic વર્ઝનને " કોમન ગુજરાતી ભાષાના સોફટવેર " તરીકે જાહેર કરવામાં આવે છે.

૩. અન્ય શરતો અને વિગતો વંચાણમાં લીધેલ ક્રમાંકઃ (૧) આગળના ઠરાવ મુજબની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મુકેશ વેદ )
નાયબ સચિવ
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

પ્રતિ,

માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રીના તથા માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, વિઠ્ઠલભાઇ પટેલ ભવન, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સે.૧૦-બી, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી ભવન, લાલદરવાજા, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
* રજિસ્ટ્રારશ્રી, ગુજરાત વડી અદાલત, સોલા, અમદાવાદ.
સરકારી વકીલશ્રીની કચેરી, ગુજરાત વડી અદાલત, સોલા, અમદાવાદ.
સર્વે વિભાગો હસ્તકના ખાતાના વડાઓ..
સર્વે કલેકટરશ્રીઓ..
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
નિવાસી હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ..
વિભાગની સર્વે શાખાઓ.
શાખા સિલેકટ ફાઇલ.૨૦૦૮.
નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.૨૦૦૮.

* પત્રથી.

ગુજરાત સરકાર,
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,
ઠરાવ ક્રમાંક:જીયુજે/૨૦૦૬/૧૧૭૯/આઈટી
સચિવાલય, ગાંધીનગર.
તા: ૨૫ – ૦૯ – ૨૦૦૭

વંચાણમાં લીધા:

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૦/૧૦/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક:આઈટીપી/૧૦૯૮/૧૨૭/આઈટીડી.
(૨) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૨૯/૮/૨૦૦૨નો ઠરાવ ક્રમાંક:આઈટીપી/૨૦૦૦/૨૦૩/આઈટીડી.

## આમુખ:

રાજ્ય સરકાર દ્વારા વંચાણમાં લીધેલ ક્રમાંક:(૧) આગળના ઠરાવથી ઈ-ગવર્નન્સ ક્ષેત્ર સહિતની ઈન્ફોર્મેશન ટેક્નોલોજી નીતિ અમલમાં મુકવામાં આવેલ છે. જેના અનુસંધાનમાં વંચાણમાં લીધેલ ક્રમાંક:(૨) આગળના ઠરાવથી ગુજરાતી ફોન્ટ સોફ્ટવેર અને તેને આનુષાંગિક મુદ્દાઓ અંગેનો ઠરાવ બહાર પાડવામાં આવેલ હતો જે અન્વયે ત્રણ બ્રાન્ડના ગુજરાતી ફોન્ટ સોફ્ટવેરને મંજુર કરવામાં આવેલ હતા. હાલમાં રૂપેણ, ઈન્ડીકા જેવા ગુજરાતી ફોન્ટસ સોફ્ટવેરોનો ઉપયોગ થઈ રહેલ છે. જયારે માઈક્રોસોફ્ટ કંપની દ્વારા પણ ગુજરાતી ફોન્ટ સહિતનું MS Office 2003 Indic સોફ્ટવેર વિકસાવવામાં આવ્યું છે. આ સોફ્ટવેર MS Office 2003 ના પેકેજ સાથે આવે છે અને તેને કારણે ગુજરાતી ફોન્ટ સોફ્ટવેર માટે કોઈ વધારાનો ચાર્જ ચૂકવવાનો થતો નથી. રાજ્યની જુદી જુદી કચેરીઓમાં વિવિધ પ્રકારના ગુજરાતી ફોન્ટ સોફ્ટવેર વપરાશમાં હોવાને કારણે રાજ્ય વહીવટમાં ઈ-ગવર્નન્સ ક્ષેત્રે એકસૂત્રતાનો પ્રશ્ન વખતોવખત થાય છે. વળી હાલના ગુજરાતી ફોન્ટ સોફ્ટવેર યુનીકોડ સ્ટાન્ડર્ડ ઉપર ન હોવાથી તેના પણ પ્રશ્નો રહે છે. **જયારે MS Office 2003 Indic સોફ્ટવેરમાં યુનીકોડ સ્ટાન્ડર્ડ સાથે ગુજરાતી ફોન્ટ ઉપલબ્ધ બને છે.** માઈક્રોસોફ્ટ દ્વારા વિકસાવવામાં આવેલ ગુજરાતી ફોન્ટ સહિતના સોફ્ટવેર અંગે ગુજરાતી ભાષાની વિવિધ જરૂરિયાતો ધ્યાને લેતાં ભાષા નિયામકશ્રીની કચેરી દ્વારા તેની ખૂબ વિગતવાર ચકાસણી કરવામાં આવી છે અને અનેક સુધારા વધારા સૂચવીને અંતે ભાષા નિયામકશ્રીની કચેરીએ MS Office 2003 Indic સોફ્ટવેરને સંપૂર્ણ ઉપયોગી ગુજરાતી ભાષાના સોફ્ટવેર તરીકે માન્ય ગણેલ છે. આમ, વંચાણમાં લીધેલ ક્રમાંક:(૨) આગળના ઠરાવથી ગુજરાતી ફોન્ટ સોફ્ટવેર અને તેને આનુષાંગિક મુદ્દાઓ અંગેનો ઠરાવ રદ્દ કરવાની અને માઈક્રોસોફ્ટ કંપનીના ગુજરાતી ફોન્ટ સહિતનું સોફ્ટવેર MS Office 2003 Indic ને ગુજરાતી ભાષાના સોફ્ટવેર તરીકે જાહેર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:

રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ વંચાણમાં લીધેલ ક્રમાંક:(૨) આગળના ઠરાવથી ગુજરાતી ફોન્ટ સોફ્ટવેર અને તેને આનુષાંગિક મુદ્દાઓ અંગેનો ઠરાવ રદ્દ કરી, પુખ્ત વિચારણા બાદ ઠરાવવામાં આવે છે કે રાજ્યના



(P.T.O)

વિવિધ વિભાગો/કચેરીઓની ઈ-ગવર્નન્સ ક્ષેત્રે ગુજરાતી ભાષામાં થતી કામગીરીમાં એકસૂત્રતા આવે અને યુનીકોડ સ્ટાન્ડર્ડનું ગુજરાતી ભાષાનું સોફ્ટવેર ઉપયોગમાં લેવામાં આવે તે માટે રાજ્ય સરકારની તમામ કચેરીઓમાં માઈક્રોસોફ્ટ કંપનીના ગુજરાતી ફોન્ટ સહિતનું સોફ્ટવેર "MS Office 2003 Indic" ને રાજ્યના "કોમન ગુજરાતી ભાષાના સોફ્ટવેર" તરીકે જાહેર કરવામાં આવે છે અને રાજ્યની દરેક કચેરીઓએ MS Office 2003 Indic માં ગુજરાતી કામગીરી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર. એસ. દવે)
સેકશન અધિકારી
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

નકલ રવાના:

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી તથા રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- દરેક વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલદરવાજા, અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.
- સરકારી વકીલશ્રીની કચેરી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.
- દરેક વિભાગના ખાતાના વડાઓ.
- દરેક કલેકટરશ્રીઓ.
- દરેક જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- દરેક જિલ્લા પગાર અને હિસાબી અધિકારીશ્રીઓ.
- નિવાસી હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- દરેક જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- દરેક શાખાઓ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ.૨૪૦૯૨૦૦૬